સશિપ / ફેબ્રુ ૦૦ / ૬૦૦

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫] (રવિવાર, ૨૦ ફેબ્રુઆરી, ૨૦૦૦) કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ કિશોર સત્સંગ પ્રવીણ)**

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘‘પ્રયત્ન કરો સત્સંગ થશે.’’
૨. ‘‘પેલા બે જણા કીર્તન બોલે છે તેથી અમારો ઢોલિયો ખેંચાય છે.’’
૩. ‘‘તમે ભગવાન છો ને તમારા ચરણમાં અડસઠ તીર્થ સમાયાં છે.’’
૪. ‘‘આમાં તમે કાંઈ સમજ્યા નહિ. અલૈયો તે અલૈયો.’’

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગના કારણ આપીને સમજાવો. (બારેક લીટીમાં)** ૮

૧. મહારાજ અને સંતો જમ્યા વિના મછિયાવથી ચાલી નીકળ્યા.
૨. તેર વર્ષ સુધી રાજાભાઈએ પર્વતભાઈનું હળ હાંક્યું.
૩. ભાદરાના આઠ કણબી હરિભક્તોમાંથી ચારના જ મોલ બચ્યા.
૪. સુરા ભક્તના તમામ મનોરથ ભાંગી ગયા.

**પ્ર.૩. નીચેના કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. ડોસાભાઈ.
૨. જનમંગલસ્તોત્રમ્.
૩. સત્સંગિજીવન.
૪. અદ્‌ભુતાનંદ સ્વામી.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. શેને કરીને મોટું પુણ્ય થાય છે ?
૨. ધ્યાનના ચાર પ્રકાર કયા છે ?





૩. ‘શ્રીહરિલીલાકલ્પતરુ’ ગ્રંથના રચયિતા કોણ છે ?
૪. કૃષ્ણજીનું શું નામ પાડ્યું અને કયા મંદિરના મહંત બનાવ્યા ?
૫. કૃપાનંદ સ્વામી કેવી રીતે મહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખતા ?
૬. આપણા સંપ્રદાયમાં મુખ્ય આજ્ઞા શું છે ?

**પ્ર.૫. નીચે આપેલ સ્વામીની વાત પૂરી કરી તેનું વિવરણ લખો અથવા વચનામૃતનું નિરૂપણ કરો.** ૫

દુઃખ કોઈ માનશો નહિ...............

**અથવા**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૪મું.

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. સંપ્રદાયનાં તીર્થો.
૨. સ્વયંપ્રકાશાનંદ સ્વામી.
૩. ભક્તરાજ મગનભાઈ.

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ ત્રણ કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડી પૂરી કરો.** ૬

૧. સમદુઃખસુખસ્વસ્થઃ ................................. તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ।।
૨. પછી બોલિયા શ્યામસુંદર ................................નહિ બંધાઓ.
૩. વહાલા તારા ઉરમાં ......................... સુંદરવર છેલડા રે લોલ.
૪. શ્રીવાસુદેવ.................................... શરણં પ્રપદ્યે।।
૫. સ્વામિનારાયણ નામને ................. ઓઘ તત્કાળ જાશે.

**(વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી)**

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘‘સ્વામી! કાણું માથે તૂત નાખો છો?’’
૨. ‘‘માટો તો એક ખુદાતાલા છે અને હું તો એમનો દાસ છું.’’
૩. ‘‘સ્વામી! એમના તો અમે નિરંતરના જામીન છીએ.’’
૪. ‘‘ના ભાઈ, આપણે સાધુ નથી થવું. આવું અમંગળ ન બોલવું.’’

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં) ૮**

૧. ગુણાતીતાનંદ સ્વામીના જોડના સંતો બદલાતા પણ પોતે તો નિશ્ચલભાવે રોજ ઝોળી માંગવા જતા.

૨. મહારાજે મૂળજી ભક્તના સાંખ્યજ્ઞાનની બહુ પ્રશંસા કરી.

૩. સૌ પંડિતો બોલી ઊઠ્યા, 'તમે બ્રહ્મ ખરા!'

૪. ગોપાળાનંદ સ્વામીના કહેવા છતાં વરસાદ ન પડ્યો.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) ૮**

૧. બજારના કાંટા.

૨. સેવા કરે તે મહંત.

૩. સ્વામીના સત્સંગી.

૪. સદ્ગુરુ કોણ?

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. ૫**

૧. 'મૂળજી' નામ કોણે આગ્રહપૂર્વક રખાવ્યું ?

૨. તુલસી દવે સમાધિમાંથી જાગ્રત થયા ત્યારે તેમની સ્થિતિ શું થઈ ?

૩. 'સદ્ગુરુ ખેલે વસંત.' પદ મહારાજ અને સંતોએ કયા ગામમાં અને કોને ત્યાં ગાયેલું ?

૪. જૂનાગઢ મંદિરના કામમાં મદદ કરાવવા મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની સાથે કોને મોકલ્યા ?

૫. જસા ભગતને દુઃખ આવવાનું કારણ શું હતું ?

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈ પણ બે પ્રસંગો ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો.**

**(બારેક લીટીમાં) ૮**

૧. રંકમાથી રાય.

૨. માન-અપમાનમેં એકતા.

૩. 'તમારામાં અખંડ રહ્યો છું.'

૪. વિરક્તિ.

**(વિભાગ - ૩ 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ ત્રણ વિષે ત્રીસ-ત્રીસ લીટીમાં વિવરણ લખો. ૨૧**

૧. સુંદરજી સુથાર.

**અથવા**

રાજબાઈ.

૨. ગવર્નર માલ્કમ સાથે મુલાકાત.

**અથવા**

મગ્નીરામમાંથી અદ્વૈતાનંદ.

૩. ગુરુવચને ચૂરેચૂરા.

**અથવા**

એકાંતનું સુખ.

૪. પ્રેમાનંદ સ્વામીની પ્રેમલક્ષણા ભક્તિ.

**અથવા**

મૂળજી બ્રહ્મચારીનો મહારાજમાં દિવ્યભાવ.